
વેલ્સ માટે રાષ્ટ્રીય ધારાસભા

# ધારાસભા માટે તમારી માર્ગદર્શિકા







Gujarati

**વધારે માહિતી માટે સંપર્ક કરશોઃ**

માહિતી લાઇનઃ 029 2089 8200

બુકિંગ લાઇનઃ 029 2089 8477

ટેક્સટફોનઃ 029 2089 8261

આ માહિતી પત્રિકા નીચેના પ્રકારોમાં વિનંતી પર મળશેઃ

મોટી પ્રિન્ટ • બ્રેલ • કોમ્પેક્ટ ડિસ્ક (સીડી) • British Sign Language (BSL) [બ્રિટિશ સાઇન ભાષા (બીએસએલ)]

આ પત્રિકા www.wales.gov.uk પર નીચેની ભાષાઓમાં મળશેઃ

અરબી • અંગ્રેજી • ઇટાલીયન • ઉર્દુ • કેન્ટોનીઝ • ગુજરાતી • ડચ • જર્મન • જાપાનીઝ • પોર્તુગીઝ • ફારસી • ફ્રેંચ • બંગાળી • વેલ્શ • સોમાલી • સ્પેનિશ • સ્વાહીલી • હિંદી

જે લોકોની પહેલી ભાષા અંગ્રેજી અથવા વેલ્શ ન હોય તો તેમના માટે 60 ભાષાઓમાં ફોન ભાષાંતર સેવા છે. આ સેવા માટે 029 2089 8200 પર ફોન કરીને તમારી ભાષાની જાણ કરો. પછી ઓપરેટર ભાષાંતરકર્તા સાથે તમારો સંપર્ક કરશે.

ઇમેલ (સામાન્ય)ઃ assembly.info@wales.gsi.gov.uk

ઇમેલ (બુકિંગ્સ)ઃ assembly.booking@wales.gsi.gov.uk

Public Information and Education Service
National Assembly for Wales
Cardiff CF99 1NA

સૌથી અદ્યતન માહિતી માટે ધારાસભાની વેબસાઇટ જુઓ **www.wales.gov.uk**

ધારાસભાને તમારા કમ્પ્યૂટર પર જુઓ **www.webcasting.wales.gov.uk**

APS/017/8/03.06

ISBN નંબરઃ 0 7504 9724 6

Crown copyright 2006

# અનુક્રમણિકા


**ધારાસભા માટે જાણકારી** 4
**ધારાસભા** 4
**ધારાસભાનું ભવિષ્ય** 4
**The Senedd [સિનેટ]** 5
**ધારાસભાની ચૂંટણી કઇ રીતે થાય છે** 6
**ચૂંટણી અને મત પ્રદેશો** 7
**ધારાસભામાં કોણ શું છે** 8
The Presiding Officer [પ્રમુખ ઓફિસર] 8
વેલ્સ માટે First Minister [પહેલો મંત્રી] અને વેલ્શ ધારાસભા સરકાર 8
**પ્લેનરી** 9
**The Siambr [ચેમ્બર]** 10
**ધારાસભા સમિતિઓનું કાર્ય** 10
વિષય સમિતિઓ 10
સતત સમિતિઓ 11
વ્યાપાર સમિતિ 11
સભા સમિતિ 11
સ્થાનિક સમિતિઓ 11
અન્ય સમિતિઓ 11
House of Commons Welsh Affairs Committee [હાઉસ ઓફ કોમન્સ વેલ્શ બાબત સમિતિ] સાથે મળીને કામ કરવું 11
**ધારાસભામાં પ્રવેશ** 12
પ્લેનરી અને સમિતિઓ 12
ધારાસભાના કાર્યને બ્રોડકાસ્ટ કરવું 12
મુલાકાત લેનાર અને પ્રદર્શન કેન્દ્રો 12
પ્રદેશોમાં ધારાસભા 12






# ધારાસભા માટે જાણકારી

જુલાય 1997 માં યૂકે સરકારે એક શ્વેત પત્ર તૈયાર કરેલું, એક સરકારી રિપોર્ટ જેમાં પ્રસ્તાવો હતા, *A Voice for Wales* [વેલ્સ માટે એક અવાજ] જેમાં વેલ્સમાં સત્તા વિશે પ્રસ્તાવો છે. આ પ્રસ્તાવોની પુષ્ટિ 18 સપ્ટેમ્બર 1997 ના રેફરન્ડમાં થઇ હતી. સંસદે પછી Government of Wales Act 1998 [વેલ્સ સરકાર એક્ટ 1998] પસાર કરેલો જેથી વેલ્સની રાષ્ટ્રીય ધારાસભા તૈયાર થઇ હતી.

National Assembly for Wales (Transfer of Functions) Order 1999 [વેલ્સ માટે રાષ્ટ્રીય ધારાસભા (કામકાજનું સ્થાનાંતર) ઓર્ડર 1999] થી વેલ્સના સેક્રેટરી ઓફ સ્ટેટથી સત્તા અને જવાબદારીઓ ધારાસભા ને 1 જુલાય 1999 ના દિવસે મળી. પછી સંસદના બીજા કાયદાઓથી ધારાસભાને વધારે સત્તા મળી.

## ધારાસભા

યૂકે સરકાર (અથવા વિત્ત મંત્રાલય) દ્વારા આપેલ નાણાંને ધારાસભા જુદી જગ્યાએ ખર્ચ કરે છે અને પોતાની અગ્રતાઓ પર નિર્ણય લે છે. પોતાની સત્તા સાથે ધારાસભા નિતિઓ અને કાયદો બનાવે છે જેથી વેલ્સના લોકોની જરૂરતોને પૂરી કરી શકાય. વેલ્સના લોકોની દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ બાબતો પર નિર્ણ ય લે છે. વેલ્સ યૂકેને ભાગ છે અને વેલ્સના સેક્રેટરી ઓફ સ્ટેટ અને વેલ્શ ચૂંટણી પ્રદેશના ધારાસભ્યો (MPs) [એમપીઝ] ની વેસ્ટમિન્સટરમાં સીટો હોય છે. વેસ્ટમિન્સટરમાં પસાર થતા કાયદાઓ વેલ્સ પર લાગુ થાય છે.

એ ધારાસભાનું કાર્ય છે કે તે પેટા કલમો બનાવે કે કઇ રીતે સંસદના એક્ટને લાગુ કરવામાં આવે. પહેલા કાયદો તો Westminster Parliament [વેસ્ટમિન્સટર સંસદ] બનાવશે પછી તેમાં ધારાસભાને પેટા કલમો બનાવવા સત્તા આપવામાં આવશે. એટલે સંસદના એક્ટની અસર વેલ્સ અને ઇન્ગલેન્ડમાં જુદી હોઇ શકે છે. દાખલા તરીકે 1 October 2004 ના દિવસે ધારાસભાએ વેલ્સમાં તબીબી પ્રિસ્ક્રિપશના રેટ કાયમ કરેલા જે ઇન્ગલેન્ડથી જુદા છે.

## ધારાસભાનું ભવિષ્ય

હાલમાં રાષ્ટ્રીય ધારાસભા પાસે સિમિત સત્તા છે અને એની સરંચના અજબ છે કારણકે ત્યાંની સરકાર (વહીવટી) અને સંસદ (સંસદીય) એકમો એક જ સંસ્થામાં(1) આવે છે જેનું નામ 'The National Assembly for Wales' ['વેલસ માટે રાષ્ટ્રીય ધારાસભા'] છે.

17 જુલાય 2005 ના દિવસે વેલ્સના સેક્રેટરી ઓફ સ્ટેટ Rt Hon Peter Hain MP [માનનીય પીટર હાઇન એમપી] એ એક શ્વેત પત્ર 'Better Governance for Wales' ['વેલ્સ માટે ઉત્તમ કારભાર'] રજૂ કરેલું. આ શ્વેત પત્રમાં સરકારના કારભાર સંબંધી પ્રસ્તાવો છે જેથી ત્રણ પ્રકારે વેલ્સ સરકાર એક્ટને બદલે શકાશેઃ

- ધારાસભા માટે નવી વહીવટી સરંચના બનાવવી;
- ધારાસભાની સંસદીય સત્તાઓ વધારવીલ્ અને
- ચૂંટણીની સિસ્ટમમાં સુધાર કરવો.

આનો અર્થ છે કે ધારાસભાની સંસદ અને વહીવટ જુદી થઇ જશે. આ ફેરફાર માટે એક બિલ સંસદમાં છે અને તે 2006 ના અંત સુધી કાયદો બનશે. જો આ પસાર થાય તો ધારાસભામાં ફેરફાર આવતી 3 May 2007 ના દિવસે ચૂંટણીઓ પછી લાગુ થશે.





હાલમાં ધારાસભાએ હમણાંના કાયદાઓમાં ફેરફાર કરવાનું શરૂ કર્યું છે અને જ્યાં સુધી શક્ય હોય, સંસદ અને વહીવટને જુદા રાખવાનો પ્રયાસ કરે છે. આથી લોકોને ધારાસભા અને સરકારના કાર્ય સમજવામાં સરળતા થશે.

શ્વેત પત્ર અને બિલ પર જાણકારી Wales Office [વેલ્સ ઓફિસ] વેબ સાઇટ **www.walesoffice.gov.uk** પર મળશે

(1) સંસ્થાઃ વેલ્સ માટે રાષ્ટ્રીય ધારાસભા (વેલ્સ માટે રાષ્ટ્રીય ધારાસભામાં દર ચાર વર્ષે ચૂંટાયેલા 60 ધારાસભ્યો) અને વેલ્શ ધારાસભા સરકાર (બહુમતિ પાર્ટી/પાર્ટી ઓના પસંદ કરેલ ધારાસભ્યો) આ સંસ્થાના ભાગ છે જેનું નામ 'વેલ્સ માટે રાષ્ટ્રીય ધારાસભા' છે.

## The Senedd [સિનેટ]

'વેલ્સ માટે રાષ્ટ્રીય ધારાસભા' નું નવું ભવન Senedd [સિનેટ] Cardiff Bay [કારડિફ બે] પાસે સ્થિત છે. એ એક કમાલનું ભવન છે જેનું નિર્માણ Richard Rogers Partnership [રિચર્ડ રોજર્સ ભાગીદારી] એ કરેલું અને એમાં ધારાસભાની પારદર્શ કતા દેખાય છે.

આ ભવનમાં વાતાવરણના ઉત્તમ ધોરણો દેખાય છે. નવી ટેકનિકોથી ઉર્જાનો વપરાશ અને કચરાને ઓછો કરવામાં આવે છે. એની ડિઝાઇનમાં સ્થાનિક સામાન વાપરવામાં આવ્યો છે.



# ધારાસભાની ચૂંટણી કઇ રીતે થાય છે

60 ધારાસભ્યો છે (AMs). દર ચાર વર્ષે ચૂંટણી થાય છે અને દરેક વ્યકિત પાસે બે મત હોય છે.


60 સભ્યોમાં 40 તો ચૂંટણી પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે અને સૌથી વધારા મત મેળવનાર જીતે છે, જે રીતે હાઉસ ઓફ કોમનમાં એમપી ચૂંટાય છે.

બીજા 20 સભ્યો યોરોપીયન સંસદીય ક્ષેત્રોની સાથે પડતા ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરે છે. આ સ્થાનિક સભ્યો સમપ્રમાણ રીતે ચૂંટાય છે અને આને Additional Member System [વધારાના સભ્ય સિસ્ટમ] કહેવાય છે. આ સિસ્ટમથી ખાતરી થાય છે કે જે પાર્ટીને જેટલો મત મળયો હોય તેણે તેટલી સીટો પણ આપવામાં આવે.

દરેક સંસદીય ક્ષેત્રમાં 7 થી 9 ચૂંટણી ક્ષેત્ર હોય છે. દરેક 5 ક્ષેત્રોમાં 4 સ્થાનિક ધારા સભ્યો ચૂંટાય છે.


આ 5 ચૂંટણી ક્ષેત્રો છેઃ


- નોર્થ વેલ્સ
- મિડ અને વેસ્ટ વેલ્સ
- સાઉથ વેલ્સ ઇસ્ટ
- સાઉથ વેલ્સ વેસ્ટ
- સાઉથ વેલ્સ કેન્દ્રીય



# ચૂંટણી અને મત પ્રદેશો







# ધારાસભામાં કોણ શું છે

## The Presiding Officer [પ્રમુખ ઓફિસર]

પ્રમુખ ઓફિસરની ચૂંટણી બધા ધારાસભ્યો કરે છે. ચૂંટણી પછી તે ધારાસભાની નિષ્પક્ષ રીતે સેવા કરે છે. આ રીતે Deputy Presiding Officer [ઉપ પ્રમુખ ઓફિસર] ની પણ ચૂંટણી થાય છે.

પ્રમુખ ઓફિસરનું કામ પ્લેનરીની અધ્યક્ષતા કરવી, શાંતી જાળવવી અને ધારાસભ્યોના અધિકારોની સુરક્ષા કરવું છે. પ્રમુખ ઓફિસરની જ્વાબદારી છે કે કામકાજ સમાનતા અને નિષ્પક્ષતાથી થાય. પ્રમુખ ઓફિસર Standing Orders(2) [સતત ઓર્ડરો] માટે જ્વાબદાર હોય છે અને તેમની ઉપર નિર્ણય લે છે.

પ્રમુખ ઓફિસર અન્ય સમિતિઓના અધ્યક્ષો સાથે મુલાકાતોની અધ્યક્ષતા કરે છે જ્યાં સમિતિઓના કામકાજની ચર્ચા થાય છે.

ઉપ પ્રમુખ ઓફિસર પ્રમુખ ઓફિસરની ગેરહાજરીમાં કામ કરે છે અને હાઉસ સમિતિનો અધ્યક્ષ હોય છે.

## વેલ્સ માટે First Minister [પહેલો મંત્રી] અને વેલ્શ ધારાસભા સરકાર

60 ધારાસભ્યો પોતાની વહીવટી સત્તાઓ જેમાં નીતિઓ અને સરકારી કામનો સમાવેશ થાય છે, વેલ્સ માટેના પહેલા મંત્રીને આપે છે, જેની ચૂંટણી પૂરી સભા કરે છે અને જે સામાન્ય રીતે સૌથી મોટી પાર્ટીનો લીડર હોય છે. પહેલો મંત્રી વહીવટી સત્તાઓ વેલ્શ ધારાસભા સરકારના મંત્રીઓને આપે છે જે કેબિનેટ બનાવે છે.

કેબિનેટ ધારાસભાના દર રોજના નિર્ણય લે છે અને એના મંત્રીઓ નીચેના કામ માટે જ્વાબદાર હોય છેઃ

- શિક્ષા, જીવનભરની શિક્ષા અને કેળવણીઓ;
- સાહસી કામ, નવા કામ અને નેટવર્કો;
- વાતાવરણ, યોજના અને ગામના ક્ષેત્ર;
- આરોગ્ય અને સામાજિક સેવાઓ;
- નાણાંકીય, સ્થાનિક સરકાર અને જાહેર સેવાઓ;
- સંસ્કૃતિ, વેલ્શ ભાષા અને રમત; અને
- સામાજિક ન્યાય અને પુનર્જનન.

Cabinet [કેબિનેટ] ધારાસભા વતી જ્વાબદાર છે જે તેના નિર્ણયોની ચકાસણી કરે છે.

(2) સતત ઓર્ડરક વેલસ માટે રાષ્ટ્રીય ધારાસભા જે કાયદાઓનું પાલન કરે છે.

# પ્લેનરી

પ્લેનરી બધા ધારાસભ્યોની Siambr [ચેમ્બર] માં યોજાતી મુલાકાત છે. તે દર મંગલવાર અને બુધવાર બપોરે જાહેરમાં યોજાય છે અને તે S4C 2 ટીવી ચેનલ પર લાઇવ દેખાડવામાં આવે છે.

પ્રમુખ ઓફિસર દરેક મુલાકાત પહેલા એની કાર્યસૂચી પ્રકાશિત કરે છે. કાર્ય સૂચી મુજબ કામ કરવામાં આવે છે. દર અઠવાડિયે ધારાસભા પ્લેનરીમાં મળે છે અને 45 મિનિટ સુધી મૌખિક સવાલો પહેલા મંત્રીને પૂછવામાં આવે છે. પછી દરેક કેબિનેટ મંત્રી દર ચાર અઠવાડિયે મૌખિક સવાલોનો જવાબ આપે છે.

ધારાસભ્યો કાર્યસૂચી પર ચર્ચા કરે છે અને બાબતો પર મત આપે છે. પ્રમુખ ઓફિસરની સંમતિથી કોઇ પણ ધારાસભ્ય પ્રસ્તાવ કરી શકે છે કે ધારાસભા જાહેર અગત્યની બાબત પર તરત જ ચર્ચા કરે. કોઇ પણ ધારાસભ્ય પ્લેનરીના અંત પહેલા ટૂંકી ચર્ચા માટે કોઇ પણ બાબતનો પ્રસ્તાવ કરી શકે છે.



પ્લેનરીમાં ધારાસભાના કાર્યો માટે સમય નિર્ધારિત હોય છે, દાખલા તરીકેઃ

- ધારાસભાના અંદાજપત્રની વહેંચણી;
- ધારાસભા કેબિનેટમાં નહી આવતા જૂથો વતીની બાબતો;
- વિષય અને સ્થાનિક સમિતિઓ દ્વારા જમા કરાતી રિપોર્ટો; અને
- યોરોપીયન યૂનીયન સંબંધી બાબતો.







## The Siambr [ચેમ્બર]

દરેક ધારાસભ્યને ચેમ્બરમાં એક સીટ આપવામાં આવી છે જ્યાં ટચ-સ્ક્રીન કમ્પ્યૂટર છે જે તેઓ ચર્ચા દરમિયાન વાપરી શકશે. 'Chamberweb' ['ચેમ્બરવેબ'] સિસ્ટમમાં ધારાસભ્યોને ઈમેલ અને માહિતી આપવામાં આવે છે.

ધારાસભા પૂરી રીતે બે ભાષાઓમાં કામ કરી શકે છે અને ધારાસભ્યો પોતાની ભાષા, અંગ્રેજી અથવા વેલ્શ બોલે છે. બધી પ્લેનરી અને સમિતિ મુલાકાતોમાં વેલ્શથી અંગ્રેજી ભાષાંતર આપવામાં આવે છે.

ધારાસભ્યો પોતાની મેજ પર બટન દાબીને મત આપે છે. તેઓ "Yes," ['હા'] "No" ['ના'] અથવા "Abstain" ['મત નથી આપવો'] પસંદ કરી શકે છે. ચેમ્બરમાં સ્ક્રીન પર પરિણામ તરત જ દેખાય છે.

દરેક પ્લેનરી, વિષય સમિતિ અને કેટલિક સતત સમિતિઓની મુલાકાતોનો લેખિત રેકોર્ડ રાખવામાં આવે છે, તેનું ચોકકસાઈ અને પ્રામાણિકતા માટે સંપાદન કરવામાં આવે છે. આ માહિતીને બધા લોકો વાપરી શકે છે. દરેક પ્લેનરીના 24 કલાકમાં કામકાજનો હેવાલ ધારાસભાની વેબસાઈટ પર પ્રકાશિત થાય છે. આ માહિતીને તમે વિનંતી કરીને મોટી પ્રિન્ટ, બ્રેલ અને કોમ્પેકટ ડિસ્ક (સીડી) પર મેળવી શકશો.

કામકાજનો હેવાલ જોવા કૃપા કરીને ધારાસભાની વેબસાઈટ જુઓ **www.wales.gov.uk/keypubrecordproceedings/index.htm**

## ધારાસભા સમિતિઓનું કાર્ય

ધારાસભાની સમિતિમાં સભ્યો હોય છે જે નીતિઓની ચકાસણી કરવા નિયમિત મળે છે. સમિતિઓ 'પાર્ટી સંતુલિત' હોય છે એટલે કે તેમાં ધારાસભાની બધી પાર્ટીઓનું પ્રતિનિધિત્વ હોય છે. મોટા ભાગની સમિતિઓ જાહેરમાં મળે છે. પણ આંતરિક મુદ્દા અને હાઉસ સમિતિઓ ખાનગી રીતે મળે છે. હાઉસ સમિતિ જાહેરમાં વર્ષમાં એક વાર મળે છે.આચરણના માપદંડ અને ધોરણોની સમિતિ પણ ખાનગી રીતે મળી શકે છે. અન્ય સમિતિઓ ખાસ બાબતો માટે ખાનગી રીતે મળી શકે છે.

### વિષય સમિતિઓ

વિષય સમિતિઓ નીતિઓનો વિકાસ કરે છે, પ્રાથમિક, માધ્યમિક અને યોરોપીયન કાયદાઓ પર સલાહ આપે છે અને મંત્રીઓના કામકાજ પર ધ્યાન રાખે છે. ધારાસભાના બધા સભ્યો ધારાસભાના કામકાજ પર ચર્ચા કરીને અભિપ્રાયો વહેંચી શકશે. ડરેક વિષય સમિતિમાં એક કેબિનેટ મંત્રીના મંત્રાલય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે અને તે મંત્રી પણ સમિતિનો સભ્ય હોય છે.

ધારાસભાની વિષય સમિતિઓ નીચે મુજબ હોય છેઃ

- શિક્ષા, જીવનભરની શિક્ષા અને કેળવણીઓ;
- સાહસી કામ, નવા કામ અને નેટવર્કો;
- વાતાવરણ, યોજના અને ગામના ક્ષેત્ર;
- આરોગ્ય અને સામાજિક સેવાઓ;
- સ્થાનિક સરકાર અને જાહેર સેવાઓ;
- સંસ્કૃતિ, વેલ્શ ભાષા અને રમત; અન
- સામાજિક ન્યાય અને પુનર્જનન.

## સતત સમિતિઓ

પાંચ સતત સમિતિઓ છેઃ

- ઓડિટ સમિતિ-જે ધારાસભાના સાધનોના અસરકારક ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે
- સમાનતા તક સમિતિ-જે ધારાસભાના કામકાજનું મૂલ્યાંકન કરીને સમાન તકને પ્રોત્સાહન આપે છે
- યોરોપીયન અને વિદેશી સંબંધ સમિતિ-જે વેલ્સને લગતી યોરોપીયન સંઘની બાબતો અને 'વિશ્વમાં વેલ્સનું યોગદાન' પર ધ્યાન કેન્દ્રિત કરે છે
- વહીવટી સમિતિ-જે ધારાસભાની સામે આવતા કાયદાઓનું મૂલ્યાંકન કરે છે
- આચરણના માપદંડ અને ધોરણોની સમિતિ-જે ધારાસભ્યોના આચરણના માપદંડ જુએ છે અને આચરણ અથવા નિયમોના ઉલ્લંઘન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## વ્યાપાર સમિતિ

વ્યાપાર સમિતિમાં દરેક પોલિટિકલ પાર્ટીથી એક ધારાસભ્ય હોય છે અને તે વ્યાપાર મંત્રીને ધારાસભાના કાર્યના પ્રબંધ પર સલાહ આપે છેહ્ ઉપ પ્રમુખ ઓફિસરને પેટા કાયદાઓની આચારસંહિતા પર સલાહ આપે છેહ્ અને ધારાસભાના સામાન્ય કામકાજ અને આચારસંહિતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## સભા સમિતિ

ધારાસભાએ કાર્યકારી અને સરકારી સત્તાઓ સભા સમિતિને આપેલી છે. આ સમિતિની અધ્યક્ષતા ઉપ પ્રમુખ ઓફિસર કરે છે અને આ ધારાસભ્યોની સેવાઓ સંબંધી બાબતો જોય છે. આમા નીચે મુજબ સમાવેશ થાય છેઃ

- સેવાઓ સગવડો અને રહેઠાણ;
- સભ્યાનું નાણાંકીય ભથ્થું; અને
- ધારાસભાને સંબંધી અન્ય બાબતો.

## સ્થાનિક સમિતિઓ

પાંચ સ્થાનિક સમિતિઓ હોય છે. ચૂંટણી ક્ષેત્ર અને સ્થાનિક ધારાસભાના સભ્યો એક સ્થાનિક સમિતિમાં હોય છે. સમિતિના સભ્યો સ્થાનિક સમુદાયોના અભિપ્રાયો સાંભળે છે જેથી ધારાસભા વેલ્સના લોકોનું પ્રતિનિધિત્વ કરી શકે.

## અન્ય સમિતિઓ

ધારાસભા અન્ય, અસ્થાયી સમિતિઓ બનાવી શકશે જે ધારાસભાની સંમતિ પછી વિશેષ બાબતો પર કામ કરી શકે છે. દાખલ તરીકે જાહેર જગ્યાઓમાં ધૂમ્રપાન સમિતિ અને શાળા નાણાંકીય સહાય સમિતિ.

## House of Commons Welsh Affairs Committee [હાઉસ ઓફ કોમન્સ વેલ્શ બાબત સમિતિ] સાથે મળીને કામ કરવું

લંડનમાં હાઉસ ઓફ કોમન્સ અને કારડિફમાં વેલ્સ માટે રાષ્ટ્રીય ધારાસભાના સતત ઓર્ડર એ વાતની પરવાનગી આપે છે કે હાઉસ ઓફ કોમન્સ વેલ્શ બાબત સમિતિ અને કેટલિક ધારાસભા સમિતિઓ સાથે મળીને કામ કરી શકશે.



# ધારાસભામાં પ્રવેશ

## પ્લેનરી અને સમિતિઓ

જાહેર લોકો પ્લેનરી અને જાહેર સમિતિઓમાં ભાગ લઇ શકશે. મોટા ભાગની સતત અને વિષય સમિતિઓ અને પ્લેનરી Cardiff Bay [કારડિફ બે] માં ધારાસભા ભવનમાં યોજાય છે અને આની જાણકારી ધારાસભાની વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવે છે. સ્થાનિક સમિતિઓ વેલ્સમાં સ્થાનિક સમુદાયોમાં યોજાય છે અને આની જાણકારી સ્થાનિક છાપાં અને મીડીયામાં મળે છે.

## ધારાસભાના કાર્યને બ્રોડકાસ્ટ કરવું

બધી પ્લેનરી અને કેટલિક સમિતિની મુલાકાતોને ડિજિટલ ટેલિવિઝન ચેનલ S4C 2 પર લાઇવ દેખાડવામાં આવે છે. લાઇવ અને જૂની મુલાકાતોને ઇન્ટરનેટ પર **www.webcasting.wales.gov.uk** પણ જોઇ શકાશે

## મુલાકાત લેનાર અને પ્રદર્શન કેન્દ્રો

ધારાસભા પાસે બે મુલાકાત લેનાર અને પ્રદર્શન કેન્દ્રો છે. 'The Assembly at the Pierhead' ['પીયરહેડમાં ધારાસભા'] Cardiff Bay [કારડિફ બે] માં પીયરહેડ ભવનમાં સ્થિત છે અને નોર્થ વેલ્સ મુલાકાત લેનાર કેન્દ્ર Colwyn Bay [કોલવિન બે] માં સ્થિત છે.

કેન્દ્રો મુલાકાત લેનારોને ઇન્ટરએકટીવ અનુભવ આપે છે જેથી ધારાસભા માટે જાણકારી મેળવવામાં મઝા પડશે. પ્રદર્શની ધારાસભા માટે માહિતી અને વેલ્સમાં એના કાર્ય અને જ્વાબદારીઓની જાણકારી, અને મુલાકાત લેનારોને ધારાસભામાં કોણ શું છે તે વિશે માહિતી, હાલની પ્રક્રિયાઓ અને ધારાસભા કામકાજ પર માહિતી આપે છે. બંને કેન્દ્રોમાં દુકાનો છે જ્યાં વેલ્સનાં ધારાસભાના બ્રાન્ડવાળો સામાન પણ મળશે. મુલાકાત લેનારો કેન્દ્રોમાં મળવા આવી શકશે અથવા પહેલાથી ટૂરની પણ યોજના બનાવી શકે છે.

## પ્રદેશોમાં ધારાસભા

ધારાસભા પ્રતિબદ્દધ છે કે એ વેલ્સનાં લોકોની સેવા કરે. ધારાસભાના સંસદીય સેવાનો સ્ટાફ સ્થાનિક જગ્યાઓ પર સ્થિત છે જેથી તે પ્રદર્શની વગેરેમાં ભાગ લઇને સ્થાનિક, સામુદાયિક અને પ્રાદેશિક જૂથો સાથે સંબંધ બનાવી શકે. પ્રદર્શની વગેરેમાં ભાગ લઇને સ્ટાફ ધારાસભાના કામને વધારો આપે છે અને સ્થાનિક લોકોને મળીને તેમના અભિપ્રાયો મેળવી શકે છે.